પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક:જીસીઇઆરટી/સંશોધન/ 2025-26/9138-9226
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
'વિદ્યાયભવન',સેક્ટર-12,ગાંધીનગર.
**Phone no.**(૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
ઈ-મેઇલ: director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in

12 MAR 2026

પ્રતિ,

ડાયેટ પ્રાચાર્ય-તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ

શાસનાધિકારી- તમામ

**વિષય:** ધોરણ 3 થી 8 ની સેમ્પલ શાળાઓમાં ધોરણ અનુરૂપ વાચન લેખન ગણન અભિયાન અંતર્ગત બાહ્ય મૂલ્યાંકન અંગે...

**સંદર્ભ:** 1. અત્રેની કચેરીનો તા. 04-11-2025 નો પત્રક્રમાંક GCERT/2025/27343-438

**સંદર્ભ 2:** માન. અત્રેની સિંગલ ફાઈલ પર અગ્રસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) દ્વારા મળેલ મંજૂરી

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભ 1 દર્શિત પત્ર મુજબ GCERT દ્વારા ગત 06 નવેમ્બર, 2025 થી રાજ્યની તમામ સરકારી શાળાઓમાં 'ધોરણ 3 થી 8 માં ધોરણ અનુરૂપ વાચન લેખન ગણન અભિયાન' શરૂ કરવામાં આવેલ. તેમજ આ અભિયાનના સઘન અમલીકરણ અંગે તમામ શાળાઓના મુખ્ય શિક્ષકો, CRC-BRC કો.ઓર્ડીનેટર, કેળવણી નિરીક્ષક તેમજ TPEO, DPEOને બાયસેગ મારફતે યોજાયેલ તાલીમ દ્વારા માર્ગદર્શન પણ આપવામાં આવેલ. સદર પત્રમાં જણાવ્યા અનુસાર આ અભિયાનનું બાહ્ય મૂલ્યાંકન આગામી તારીખ 16-17 માર્ચ દરમિયાન કરવાનું છે. માન. અગ્રસચિવશ્રીના સૂચન અનુસાર બાહ્ય મૂલ્યાંકન ડાયેટ વ્યાખ્યાતાઓ, TPEO, કેળવણી નિરીક્ષક, BRC કો.ઓર્ડીનેટર દ્વારા કરવાનું છે. આ બાહ્ય મૂલ્યાંકન અંતર્ગત નીચેનું સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

- રાજ્ય કક્ષાએ પસંદ થયેલ શાળાઓ અને એ શાળાના અત્રેથી ફાળવેલ બે વર્ગોમાં બાહ્ય મૂલ્યાંકન કરવાનું છે.
- આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ જે તે ધોરણના એક વર્ગની પસંદગી, વર્ગમાંથી રેન્ડમલી પાંચ બાળકોની પસંદગી, તેમજ વાચન, લેખન અને ગણનની મૂલ્યાંકન પ્રક્રિયા કરવાની છે.
- બાહ્ય મૂલ્યાંકન અંતર્ગત મૌખિક વાચન ઝડપ (ORF) અને ધોરણ-વિષય અનુરૂપ વાચન અર્થગ્રહણ માટે 'વાચન સમીક્ષા' એપ્લીકેશનનો ઉપયોગ કરવાનો છે.

- જેમને જે શાળા ફાળવવામાં આવી છે તેમણે જાતે જ તે જ શાળામાં બાહ્ય મૂલ્યાંકનની પ્રક્રિયા હાથ ધરવાની છે.
- મૂલ્યાંકનની વિગતો ગુગલ ફોર્મમાં જ ભરવી. (કોઈ શાળામાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો પ્રશ્ન હોય તો દિવસના અંતે કવરેજ વિસ્તારમાં આવીને ગુગલ ફોર્મની વિગતો ભરી દેવી.
- આ માટે 13 માર્ચના રોજ સાંજે 16:00 થી 17:00 કલાક દરમિયાન બાયસેગના માધ્યમથી બાહ્ય મૂલ્યાંકનકારોની તાલીમ યોજાનાર છે. જેમાં આપના જિલ્લાના તમામ ડાયેટ વ્યાખ્યાતાઓ, TPEO, કેળવણી નિરીક્ષક અને BRC કો.ઓર્ડીનેટર ડાયેટ કક્ષાએ ઉપસ્થિત રહી તાલીમ લે તે સુનિશ્ચિત કરશો.
- દરેક ડાયેટને વાચન અર્થગ્રહણના ફકરા અલગથી મોકલી આપવામાં આવશે. જેનું શાળા દીઠ એક કવર તૈયાર કરીને તમામ બાહ્ય મૂલ્યાંકનકારને તાલીમના દિવસે આપવું. આ કવર શાળામાં જઈને મુખ્ય શિક્ષકની હાજરીમાં જ ખોલવાનું છે.
- મૂલ્યાંકન સાહિત્ય (બાળકો દ્વારા કરવામાં આવેલ લેખન, ગણનના કાગળ તેમજ વાચન અર્થગ્રહણ માટેના ફકરા) શાળા દીઠ-ધોરણ દીઠ અલગ કવરમાં પેક કરીને તા. 18 માર્ચ સુધીમાં સંબંધિત ડાયેટમાં જમા કરાવવાના છે.

ઉપરોક્ત બાહ્ય મૂલ્યાંકન બાદ આગામી તારીખ 23-28 માર્ચ દરમિયાન રાજ્ય કક્ષાના અધિકારી-કર્મચારીઓ દ્વારા દરેક જિલ્લામાં વેલીડેશન કરવામાં આવનાર છે. તેથી બાહ્ય મૂલ્યાંકનકાર પૂરી તટસ્થતાથી અને કાળજીપૂર્વક મૂલ્યાંકન કરે તે સુનિશ્ચિત કરશો.

આભાર સહ,

(પી.કે. ત્રિવેદી)
નિયામક,
પ્રાથમિક શિક્ષણ અને GCERT
ગાંધીનગર

બીડાણ: બાહ્ય મૂલ્યાંકન માર્ગદર્શિકા

***<u>તા.ક.: આ પત્ર માત્ર જિલ્લા કક્ષાએ DIET પ્રાચાર્ય અને DPEO/AO ને જ લાગુ પડતો હોઈ, અન્ય કોઈ જગ્યાએ શેર ન કરવા જણાવવામાં આવે છે.</u>***

# ધોરણ અનુરૂપ વાચન-લેખન-ગણન અભિયાન ધોરણ 3 થી 8
## બાહ્ય મૂલ્યાંકન માર્ગદર્શિકા

**પ્રસ્તાવના**

બાહ્ય મૂલ્યાંકનકારે પોતાને ફાળવાયેલ શાળામાં જે બે ધોરણ ફાળવ્યાં છે તેમાં જ બાહ્ય મૂલ્યાંકન કરવાનું છે. કોઈ શાળામાં જે તે ધોરણમાં એક કરતાં વધુ વર્ગો હોય તો પ્રથમ વર્ગમાં બાહ્ય મૂલ્યાંકન કરવું (દા.ત. ધોરણ 6 માં ત્રણ વર્ગો છે- અ, બ અને ક. તો 'અ' વર્ગમાં બાહ્ય મૂલ્યાંકન હાથ ધરવું)

આપેલ ગુગલ શિટમાં મૂલ્યાંકનકારની માહિતી (નામ, હોદ્દો અને કચેરીની વિગત) ભરવી. તેમજ જિલ્લો, તાલુકો, ક્લસ્ટર અને શાળાની માહિતી ભરવી. શાળાનો 11 આંકડાનો ડાયસ કોડ અવશ્ય લખવો.

- ગુગલ શિટમાં પ્રારંભિક માહિતી ભરી દીધા બાદ અત્રેથી ફાળવેલ ધોરણ-વર્ગમાં જવું.
- સૌ પ્રથમ જે તે ધોરણના જે તે દિવસના હાજરી પત્રકનો ફોટો પાડવો.
- આ ફોટો ગુગલ શિટમાં અપલોડ કરવાનો છે.
- આ ફોટો અપલોડ થઇ જાય પછી તમને ગુગલ શિટમાં એક પેજ દેખાશે. એમાં ધોરણ 3 થી 8 ના શ્રુતલેખનના ફકરા આપેલા છે.
- તમે જે ધોરણનું મૂલ્યાંકન કરો છો તે ધોરણનો ફકરો આ પેજમાંથી લખાવવાનો છે.

**શ્રુતલેખન**

- સૌ પ્રથમ શ્રુતલેખન કરાવવું. શ્રુતલેખન કરાવતી વખતે મૂલ્યાંકનકારે વિદ્યાર્થીઓને જણાવવું કે, 'હું તમને એક ફકરો લખાવવાનો છું. એ માટે તમારી નોટનો એક કાગળ અલગ કરી રાખો. તમારા કાગળમાં તમારું નામ, રોલ નંબર, ધોરણ અને શાળાનું નામ લખવાનું છે. એ લખી દો.' વિદ્યાર્થીઓ પોતાની વિગતો લખી દે ત્યારબાદ નીચે મુજબ સૂચના આપો.
- 'સૌ પહેલાં હું માત્ર તમને સંભળાવવા માટે જ ફકરો વાંચીશ. હું પહેલીવાર વાંચું ત્યારે માત્ર ધ્યાનથી સાંભળવાનું છે, લખવાનું નથી. એ પછી હું બીજીવાર તમને લખાવવા માટે ફકરો ફરીથી વાંચીશ. હું વાંચું એ તમારે લખવાનું છે. વચ્ચે વચ્ચે કોઈએ *'શું' 'સાંભળ્યું નહીં'* વગેરે કશું બોલવાનું નથી, માત્ર લખવાનું છે. તમે લખી દો એ પછી પણ હું આખો ફકરો ત્રીજી વાર વાંચીશ. એ વખતે તમારે તમારા કાગળમાં જોવાનું છે અને કોઈ શબ્દ રહી ગયો તો લખી દેવાનો છે '
- આ સૂચના આપ્યા બાદ ગુગલ શિટમાં જે તે ધોરણ માટે આપેલો ફકરો વાંચો. (વિદ્યાર્થીઓ માત્ર સાંભળશે)
- આ ફકરો બીજી વાર વાંચો – આ દરમિયાન વિદ્યાર્થીઓ પોતાના કાગળમાં લખશે. આ ફકરા 50 શબ્દોના છે. અત્રેથી થયેલ પાયલોટ મુજબ એક વિદ્યાર્થીને એક શબ્દ સાંભળીને લખતાં ત્રણથી પાંચ સેકન્ડ લાગતી હોય છે. તેથી આ ફકરો બીજી વાર (લખાવવા માટે) વાંચો ત્યારે એ મુજબ વિદ્યાર્થીઓને લખવાનો સમય આપો. ફકરો લખાવતી વખતે એક – એક શબ્દ છૂટો છૂટો લખાવવાને બદલે બે-ત્રણ શબ્દોનો સાર્થક સમૂહ એક સાથે બોલો, એના લીધે વિદ્યાર્થીઓને લખવામાં વધુ સરળતા રહે છે. (દા.ત. 'જંગલમાં રાતે ડર લાગવાથી મહેશ પોતાની ઝડપ વધારીને ચાલવા લાગ્યો.' આ

વાક્ય લખાવવું હોય તો જંગલમાં રાતે - ડર લાગવાથી મહેશ – પોતાની ઝડપ વધારીને- ચાલવા લાગ્યો. : આ રીતે સાર્થક શબ્દ સમૂહો લખાવવા.

- ફકરો ત્રીજી વાર વાંચો. (આ દરમિયાન વિદ્યાર્થીઓ પોતાના ફકરામાં રહી ગયેલ શબ્દો લખશે) પહેલીવાર વાંચ્યો હતો એટલી ઝડપથી જ આ વખતે પણ ફકરો વાંચો.

**ગણન**

- હવે વિદ્યાર્થીઓને બીજો એક કાગળ લેવાનું કહો. એમાં પણ શાળા, ધોરણ અને પોતાનું નામ લખવા કહો.
- હવે વિદ્યાર્થીઓને નીચે મુજબ સૂચના આપો.
- “હું તમને પાંચ રકમ લખાવું છું. એ રકમ મુજબ તમારે દાખલા ગણવાના છે”
- ગુગલ શિટમાં આપેલ જે તે ધોરણના ગણનના પ્રશ્નો બોર્ડ પર લખો. (પાંચેય પ્રશ્નો વિદ્યાર્થીઓ સારી રીતે વાંચી શકે તે રીતે લખો)
- વિદ્યાર્થીઓ આ દાખલા જાતે જ ગણે તેનું ધ્યાન રાખો.
- ગણનના પ્રશ્નના જવાબ આપવા માટે વિદ્યાર્થીઓને કુલ વધુમાં વધુ 10 મિનીટ જેટલો સમય આપો.
- વિદ્યાર્થીઓ જેમ જેમ ગણનનું કામ પૂર્ણ કરતા જાય તેમ તેમ તેમના બંને કાગળ (શ્રુતલેખન અને ગણન) ભેગા કરતા જાઓ. વિદ્યાર્થીઓ પાસેથી કાગળ લો ત્યારે ચકાસો કે એમાં વિદ્યાર્થીએ પોતાનું નામ, રોલ નંબર, ધોરણ અને શાળાનું નામ લખ્યું છે કે કેમ. જો ન લખ્યું હોય તો વિદ્યાર્થીને લખવા કહો. કોઈ વિદ્યાર્થી ન લખી શકે તો વિદ્યાર્થીની આ વિગતો તમે જાતે લખી દો)
- 10 મિનીટ થઇ જાય એટલે બધા વિદ્યાર્થીઓના બંને કાગળ મેળવી લો. આ કાગળ તમારી પાસે રાખો.
- પાંચ બાળકોની રેન્ડમ પસંદગી
- શ્રુતલેખન અને ગણનના કાગળ મેળવી લીધા પછી વર્ગમાંથી પાંચ વિદ્યાર્થીઓ નીચે મુજબ પસંદ કરો.
- વર્ગની કુલ સંખ્યાને પાંચ વડે ભાગો. (દા.ત. વર્ગમાં 27 વિદ્યાર્થીઓ છે. 27/5 કરીશું તો પૂર્ણાંક ભાગફળ 5 આવશે. )
- હવે 1 થી 5 પૈકી કોઈ એક સંખ્યા પસંદ કરો. (જેમ કે 3 સંખ્યા પસંદ કરી. એટલે પ્રથમ વિદ્યાર્થી રોલ નંબર 3 પસંદ થશે.)
- ત્યારબાદ 3+5 = 8 નંબરનો વિદ્યાર્થી, પછી 8+5=13 નંબરનો વિદ્યાર્થી....એ રીતે કુલ પાંચ વિદ્યાર્થીઓ પસંદ કરો. (આ ઉદાહરણ મુજબ રોલ નંબર 3, 8, 13, 18, 23 એમ પાંચ વિદ્યાર્થીઓ પસંદ થશે.)
- પસંદ થયેલ પાંચ વિદ્યાર્થીઓના શ્રુતલેખન અને ગણનના કાગળ અલગ તારવી લો.

**વાચન ઝડપ અને વાચન અર્થગ્રહણ**

‘વાચન સમીક્ષા’ એપ્લીકેશનમાં આ પાંચ બાળકોની મૌખિક વાચન ઝડપ અને વાચન અર્થગ્રહણનું મૂલ્યાંકન થશે. (વાચન સમીક્ષા એપ્લીકિશન પર CRC Co અથવા જે તે શિક્ષકના આઈડી દૂવારા લોગઈન કરવું)

આ ધોરણ-વર્ગના તમામ વિદ્યાર્થીઓનાં નામ આ એપ્લીકેશનમાં અગાઉથી જ આપેલાં છે. તમે પસંદ કરેલા વિદ્યાર્થીને પોતાના આઈડી માં જ વંચાવવું.
પાંચેય વિદ્યાર્થીઓને એક પછી એક એમ સ્ક્રીન પર દેખાતો ફકરો વાંચવા કહેવું. (વાચન સમીક્ષા એપ્લીકેશન કેવી રીતે કામ કરે છે એ જાણવા માટે તથા એપ્લીકેશન ચલાવવા માટે જે તે ધોરણના વર્ગશિક્ષકની મદદ લો. ચાલુ શૈક્ષણિક સત્રમાં નવેમ્બર-ડિસેમ્બર

2025 દરમિયાન તમામ શાળાઓના ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓની વાચન ઝડપ માટે વાચન સમીક્ષા એપ્લીકેશનનો ઉપયોગ જે તે વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલો. એટલે શિક્ષક પાસે આ એપ્લીકેશન ડાઉનલોડ કરેલી છે. જો ન કરી હોય અથવા ડીલીટ કરેલ હોય તો ડાઉનલોડ કરાવી લેવી)

વાચન સમીક્ષા એપ્લીકેશનના ઉપયોગમાં મુખ્યત્વે નીચેની બાબતોનું ધ્યાન રાખવું:

- સૌ પ્રથમ એપ્લીકેશનમાં માઈક ટેસ્ટ કરી લેવું.
- માઈક ચેક કરી લીધા પછી ધોરણ પસંદ કરો. ત્યારબાદ આ ધોરણનો વર્ગ (અ) પસંદ કરો.
- ધોરણ અને વર્ગ પસંદ કર્યા બાદ તે ધોરણ-વર્ગના વિદ્યાર્થીઓની યાદી જોવા મળશે.
- આ યાદીમાંથી તમે રેન્ડમલી પસંદ કરેલા પાંચ પૈકી પ્રથમ વિદ્યાર્થીનું નામ પસંદ કરો.
- વિદ્યાર્થીનું નામ પસંદ કર્યા બાદ તે વિદ્યાર્થીઓનું સ્થળ શેર કરવા માટેનો વિકલ્પ આવશે જેમાં જે સ્થળ પર મૂલ્યાંકન થઇ રહ્યું છે તે સ્થળ (Location ) શેર થશે. આ લોકેશન શેર કરો.
- સ્થળ (Location ) શેર કર્યા બાદ ORF મૂલ્યાંકન શરુ કરવા માટેનો વિકલ્પ જોવા મળશે. તેના પર ક્લિક કરો.
- આ ક્લિક કર્યા બાદ જે સ્ક્રીન દેખાશે તેમાં છેલ્લે –નીચે "મૂલ્યાંકન શરુ કરો" લખેલું આવશે. તેના પર ક્લિક કરો.
- હવે સ્ક્રીન પર ફકરો આવશે. એ ફકરો વિદ્યાર્થીને મોટેથી વાંચવા કહો. જેથી બરાબર રેકોર્ડ થઇ શકે.
- વિદ્યાર્થી આ ફકરાનું મુખર વાચન કરી લે એટલે નીચે 'સાચવો' એવું લખેલું હોય ત્યાં ક્લિક કરીને સેવ કરી લો. રેકોર્ડીંગ સેવ થયા બદલનો મેસેજ તમને સ્ક્રીન પર દેખાશે.

- રેકોર્ડીંગ સેવ થઇ ગયા બાદ આ ફકરા આધારિત પ્રશ્નો આવશે. દરેક પ્રશ્નના જવાબના ચાર-ચાર વિકલ્પ હશે. વિદ્યાર્થીએ એમાંથી એને સાચો લાગતો વિકલ્પ પસંદ કરવાનો છે. આવા કુલ પાંચ પ્રશ્નો આવશે.
- (બાહ્ય મૂલ્યાંકનકાર પાસે આ ફકારોની પ્રિન્ટ આઉટ પણ છે. વિદ્યાર્થી જ્યારે પ્રશ્નના જવાબ આપતો હોય તે વખતે જે તે ફકરાની પ્રિન્ટ વિદ્યાર્થીને આપવી. જેથી જરૂર પડ્યે તે ફકરો ફરીથી રિફર કરી શકે.)
- પહેલો વિદ્યાર્થી પાંચ પ્રશ્નોના જવાબ આપી દે પછી નવો સ્ક્રીન આવશે. તેમાં 'બીજો વિદ્યાર્થી પસંદ કરો' લખેલું છે ત્યાં ક્લિક કરો.
- સ્ક્રીન પર બધા વિદ્યાર્થીઓનાં નામની યાદી ફરીથી દેખાશે. તમે પસંદ કરેલા પાંચ વિદ્યાર્થીઓ પૈકી બીજા વિદ્યાર્થીને આ યાદીમાંથી પસંદ કરો. અને ઉપર મુજબ મૌખિક વાચન ઝડપ અને વાચન અર્થગ્રહણનું મૂલ્યાંકન કરો.
- નોંધ: પાંચેય વિદ્યાર્થીઓ માટે એપ્લીકેશનમાં અલગ અલગ ફકરા આવશે. તેથી જે તે ધોરણના પાંચેય ફકરાનાં પ્રિન્ટ આઉટ તમારી પાસે રાખવાં. જે વિદ્યાર્થી સ્ક્રીનમાં જે ફકરો વાંચે છે તે જ ફકરાનું પ્રિન્ટ વિદ્યાર્થીને આપવું.)

હવે આ જ શાળાના તમને ફાળવેલા બીજા વર્ગમાં જાઓ. અને ઉપર મુજબની શ્રુતલેખન અને ગણનની પ્રક્રિયા કરો. શ્રુતલેખન અને ગણનના કાગળ એકઠા કરી લો. ત્યારબાદ પાંચ રેન્ડમ બાળકો પસંદ કરી, અગાઉ જણાવ્યા મુજબ વાચન સમીક્ષા એપ્લીકેશનમાં વાચન ઝડપ વાચન અર્થગ્રહણની કામગીરી પૂર્ણ કરો.

**મૂલ્યાંકન**

ઉપરોક્ત કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ, તમે પસંદ કરેલાં પાંચ બાળકોના શ્રુતલેખન અને ગણનના કાગળ પરથી મૂલ્યાંકન કરવાનું છે. અને ગુગલ શિટમાં નોંધવાનું છે.

- સૌ પ્રથમ એક વર્ગના પાંચેય વિદ્યાર્થીઓના શ્રુતલેખનના કાગળ ચેક કરો.
- કુલ 50 શબ્દો પૈકી વિદ્યાર્થીએ લખેલા સાચા શબ્દો, ખોટા શબ્દો, વિદ્યાર્થીને લખવાના રહી ગયેલા શબ્દો તેમજ તમે ન લખાવ્યા હોય એવા વધારાના શબ્દોની સંખ્યા જે તે કાગળ પર દર્શાવો.- આ માહિતી પછી ગુગલ શિટમાં ભરવાની હોવાથી, અગાઉથી નોંધેલું હોય તો સરળતા રહે.)
- આ જ રીતે જે તે વિદ્યાર્થીએ ગણનના પાંચ પ્રશ્નો પૈકી સાચા જવાબ, ખોટા જવાબ અને વિદ્યાર્થીએ છોડી દીધેલ પ્રશ્નોની સંખ્યા લખો.

ત્યારબાદ આ પાંચેય વિદ્યાર્થીઓ પાસેથી નીચેની માહિતી મેળવો. વિદ્યાર્થીની શ્રુતલેખન-સ્વતંત્ર લેખનની નોટબૂક તમે જાતે ચકાસીને નીચેની માહિતી નોંધો.

- 5 પૈકી કેટલા વિદ્યાર્થીઓ પાસે લેખન-ગણન માટેની નોટબૂક છે ?
- 5 પૈકી કેટલા વિદ્યાર્થીઓ સપ્તાહમાં સરેરાશ ઓછામાં ઓછુ બે વાર શ્રુતલેખન કરેલ છે ?
- 5 પૈકી કેટલા વિદ્યાર્થીઓ સપ્તાહમાં સરેરાશ ઓછામાં ઓછુ બે વાર સ્વતંત્ર લેખન કરેલ છે ?*
- 5 પૈકી કેટલા વિદ્યાર્થીઓ સપ્તાહમાં સરેરાશ ઓછામાં ઓછુ બે વાર ગણન કરેલ છે ?
- 5 પૈકી કેટલા વિદ્યાર્થીઓની નોટબૂક શિક્ષક દ્વારા ચકાસીને સુધારા સૂચવવામાં આવ્યા છે ?

તમે ચકાસેલા કાગળના આધારે પાંચેય વિદ્યાર્થી માટે દીઠ શ્રુતલેખન અને ત્યારબાદ ગણનની માહિતી ગુગલ ફોર્મમાં ભરો.
ત્યારબાદ વિદ્યાર્થીઓની તમે ચકાસેલી નોટબુકના આધારે ગુગલ ફોર્મમાં માહિતી ભરો.
ગુગલ ફોર્મની માહિતી જે તે શાળામાં ભર્યા બાદ શાળા છોડવી. જો નેટવર્કના પ્રશ્ન હોય તો જ ગુગલ ફોર્મ કવરેજમાં આવ્યા બાદ ભરવું.
તમે જે પાંચ પાંચ બાળકોના કાગળ ચેક કર્યા છે તે ધોરણ દીઠ કવરમાં ડાયેટમાં જમા કરાવવા. આમ શાળાદીઠ બે કવર થશે. દરેક કવર પર બાહ્ય મૂલ્યાંકનકારનું નામ, હોદ્દો, મૂલ્યાંકન કરેલ ધોરણ, શાળાનું નામ , ડાયસ કોડ, ક્લસ્ટર-તાલુકા- જિલ્લાનું નામ લખવું.

ગુગલ ફોર્મ ભરવાની સામાન્ય સૂચનાઓ:
શક્ય હોય ત્યાં સુધી જિલ્લો, તાલુકો, ક્લસ્ટર, શાળા, મૂલ્યાંકનકારનું નામ, વિદ્યાર્થીનું નામ વગેરે માહિતી અંગ્રેજી લીપીમાં ભરો.
આંકડાકીય માહિતી અંગ્રેજીમાં જ ભરો.

બાહ્ય મૂલ્યાંકનની સમગ્ર પ્રક્રિયા તટસ્થ રીતે અને કાળજીપૂર્વક થાય એ માટેની શુભેચ્છાઓ!